# એક છોકરી

એક આંખમાં પવન છીછરું પતંગિયું 'ને એક આંખમાં ભરચક રાતાં ફૂલ
મ્હેકમલકતી એક છોકરી મારી અંદર જાય સદંતર કરી મને સંકુલ

ફૂલત્વચાળી કોઈ કુજાણે કેમ લોહીમાં જરી ફરીને વૃત્તિઓને મારધાડ મ્હેકાવે
આ કોણ ક્યારનું વાવંટોળે, હવા તરીકે મને સખત વીંટળાઈ વળી લ્હેરાવે
હોઠ ઉપરથી છલકછલકતી કોઈ ઝૂલે નિઃશબ્દ અને હું મારામાં મશગૂલ?

મ્હેક મલકતી એક છોકરી મારી અંદર જાય સદંતર કરી મને સંકુલ

શબ્દો 'ને સુંદરતા વચ્ચે હું તો જાણે સ્થિર, તોય એ ધનધનાધન સંવેદન પ્રસરાવે
મારા અંગત કવિસ્ખલનને કોઈ નઠારી, ટપક આંખ ટપકારી શાને અડાબીડ ઉપજાવે
અક્ષરવેડા નોખા નોખા તોય શ્વાસમાં એકરૂપ છે અહીં અમારું મૌન સામ્ય બિલકુલ

એક આંખમાં પવન છીછરું પતંગિયું 'ને એક આંખમાં ભરચક રાતાં ફૂલ
મ્હેકમલકતી એક છોકરી મારી અંદર જાય સદંતર કરી મને સંકુલ

– અને થોડાં સપનાં

## એક વરસાદી છોકરી

ચોમાસું આવે ને વીંઝાતી, ભીંજાતી આવે રે વરસાદી છોકરી
ચોમાસું જામે ને લથબથ વિખાતી આવે રે વરસાદી છોકરી

આંખોમાં તરતી આવે ને પાછી આવે તો ડીલે નીતરતી
બારમેઘ ખાંગાની મસ્તી થઈ આવે ને છાતીમાં છબછબિયાં કરતી
ચોમાસું થંભે ને તડકાતી સુકાતી આવે રે વરસાદી છોકરી

ચોમાસું આવે ને વાછટમાં વરસાતી આવે રે વરસાદી છોકરી

ફરીફરી આવવાની ઇચ્છાના ઝાપટાથી છોકરીનું એવું તરસાવવું
આવી ને છાંટા કે હેલી સિવાય એનું ધોધમાર કંઈક બધું કેટલું વરસાવવું
ચોમાસું ખૂટે ને નવ્વીનક્કોર થઈ આવે રે વરસાદી છોકરી

ચોમાસું આવે ને ટીપામાં ટિપાંતી આવે રે વરસાદી છોકરી

– અને થોડાં સપનાં

# એક નૈસર્ગિક છોકરીનું ગીત

રાબેતા મુજ્જબની છોકરી છે કેદ, એક સ્નો, પાઉડર, ક્રીમ, નેલ-પૉલિશના માયાવી મ્હેલમાં
ઘડીઘડી જીરીક જીરીક પોતાને જોઈ લેતી છોકરીથી આવતા અરીસા ને અન્ય પ્રસાધન પણ ગેલમાં

એવી તો નૈસર્ગિક છોકરી કે પલળેલાં વૃક્ષોને સૂકવતો તડકો ને તડકાતી માટી પણ કરે એની કૂથલી
ક્યાંય નહીં બેઠેલું નાનું પતંગિયું કે અધ્ધર ઊછળેલા પાંચીકા, પણ ખાય એની ચાડી ને ચુગલી
મેકપથી ઢંકાયેલ છોકરીને પ્રકૃતિસિદ્ધ પાછી કરવાની જડીબુટ્ટી જડશે તો જડશે કદાચ નાગરવેલમાં

ઘડીઘડી જીરીક જીરીક પોતાને જોઈ લેતી છોકરીથી આવતા અરીસા ને અન્ય પ્રસાધન પણ ગેલમાં

છોકરીના માથામાં નખાયાં નહીં એનો ફૂલોને રંજ, અને હાથ ઉપર મુકાણી નહીં તેથી મેંહદી નારાજ
છોકરીની સ્વરૂપાવસ્થાને કાચી ને કાચી ન ભોગવી શકાવાથી લેકમેની લિપસ્ટિક પર વાયરાને દાઝ
એક પલ્લામાં છોકરી મૂકો ને એક પલ્લામાં કુદરતના કોથળા ભરીભરીને ઠાંસો તો
છોકરી ના ઊંચકાતી સ્કેલમાં

ઘડીઘડી જીરીક જીરીક પોતાને જોઈ લેતી છોકરીથી આવતી અરીસા ને અન્ય પ્રસાધન પણ ગેલમાં

– અને થોડાં સપનાં

## કલમવાસના

કલમ સરીખી એક છોકરી કાગળ જેવા કોરા મનને સ્પર્શ કરે છે, સ્પર્શ કરે છે
કલમ અને કાગળની વચ્ચે ધરબાયેલું મૌન બાપડું થરથરે છે, થરથરે છે

કાગળ ઉપર સવાર થાતાં કલમકુંવરી મેઘધનુષી બની જતી, બનઠની જતી
સબરંગી સુંવાળપ દઈને કાગળિયાની શબ્દકામના હણી જતી, રણઝણી જતી
રેશમ જેવી એક છોકરી કાગળ જેવા લિસ્સા મન પર સરસરે છે, સરસરે છે

કલમ અને કાગળની વચ્ચે ધરબાયેલું મૌન બાપડું થરથરે છે, થરથરે છે

હોઠ ઉપરથી શાહી પ્રસવતી એવી જાણે છાતી ઉપર સાપ લિસોટા તાણે
વસ્ત્રહીન થઈ કાગળિયું પણ એને શરણે, કલમવાસના ઊંડે સુધી માણે
કામણરસની અઠંગ કામિની કાગળ જેવા કુમાર મનને ઘરઘરે છે, ઘરઘરે છે

કલમ સરીખી એક છોકરી કાગળ જેવા કોરા મનને સ્પર્શ કરે છે, સ્પર્શ કરે છે
કલમ અને કાગળની વચ્ચે ધરબાયેલું મન બાપડું થરથરે છે, થરથરે છે.

– અને થોડાં સપનાં

## સ્રીત્વનું ગીત

છડેચોક ’ને મારગ વચ્ચે ફૂટે ઝીણી છોકરિયું –
’ને છોકરિયું તો બે અક્ષરનું નામ, નથી કૈં બીજું
હોઠ વચાળે ઊગે ઊભી મોસમ જેવી વાત,
વાત છે બે પગવાળું ગામ, નથી કૈં બીજું

કદંબ જેવી લીલી નજરું ખોઈ મૂકી છે, હવે રહ્યાં તે નખરાં –
થોડી ઓછપ છે ’ને ઇચ્છાઓ પણ રાંક
સુંદરતાને અતિક્રમીને ચંચળ છળને અંબોડામાં ખોસી ફરતી છોકરિયુંને –
કોઈ જઈને કહો શરમનું ફૂલ હજી ઊગે છે ક્યાંક
બટકબોલી જીભ વડે સૌ ફરાક જેવાં સપનાંઓને તડીપાર કીધાં –
’ને લીધું વરરાજાનું નામ- જીભનું કામ નથી કૈં બીજું
છડેચોક ’ને મારગ વચ્ચે –

છોકરિયુંએ શબ્દોને ઘર પગલાં માંડ્યાં, અર્થભાઈ તો પરવાર્યા –
’ને સંદર્ભો પણ સાથે
ભાષાએ રંડાપો લેતાં રઘવાયેલી છોકરિયુંએ છૂંદણવેડા કીધા –
કીધી સ્પર્શસુખની લીટી સૌને હાથે
અડીઅડીને એકબીજાની આંખો સુધી પહોંચાડે છે હોઠ ઉપરની વાત –
આંગળીઓનું એ જ અહીં છે કામ, નથી કૈ બીજું

છડેચોક ’ને મારગ વચ્ચે ફૂટે ઝીણી છોકરિયું –

– અને થોડાં સપનાં